**અમદાવાદનાં એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૧, અમદાવાદમાં,**

ફોજદારી કેસ નં.૭૪૭૧૨/૨૨

ફરીયાદીઃ સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઃ કિશનકુમાર સુરેશભાઈ સુથાર

**–:: ચુકાદો :–**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમઃ૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમઃ૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનાનું તહોમત મુકેલ છે.

(૨) આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર થતાં કોર્ટ રુબરુ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલ પુરી પાડી તેઓની સામેનાં ગુના સબબ પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક સમજી વિચારીને લેખીત કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુનો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતિ નબળી હોઈ, પરીવારનાં ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે.

(૩) આરોપી પોતે કબુલાત કરવા માટે બંધાયેલા નથી અને ગુનાની કબુલાત તેમની સાથે ઉપયોગમાં લઈ શકાશે તેવી સમજ કરવા છતાંયે તેઓ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલતા હોઈ તેઓની કબુલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પેજ નં.૭૦૯ નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતું જળવાય તેમ હોઈ ન્યાયનાં હીત માં નીચે મુજબનો હુકમ કરું છું.

**હુ ક મ**

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમઃ૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમઃ ૧૭૭, ૧૮૪ નાં ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને ઈ.પી. કોડની કલમઃ૨૭૯ નાં ગુના માટે રૂપિયા. ૫૦૦ (અંકે રૂ.પાંચસો પુરા) દંડ, દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા તથા ઈ.પી.કોડની કલમઃ૩૩૭ નાં ગુના માટે રૂા.૨૫૦/–(અંકે બસ્સો પચાસ પુરા), દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપીને એમ.વી.એકટની કલમઃ ૧૭૭, ૧૮૪ નાં ગુના માટે અલગ દંડ કરવામાં આવતો નથી. કુલ રૂા.૭,૫૦/–(અંકે સાતસો પચાસ પુરા)/–દંડ ભરવો.

મુદામાલ વાહન જો જમા લીધેલ હોય તો સદર વાહન માલીકની ઓળખ કરી પરત કરવું.

હુકમ આજ તા–૧૩/૦૮/૨૦૨૨નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(મનીષ વી. ચૌહાણ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટનં–૧૧, અમદાવાદ
જજ કોડ જી.જે.૦૧૦૧૫.